ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠેર ઠેર ખાડાઓમાં વરસાદનું પાણી ભરાયું

ગ-૨ સર્કલ વિસ્તારમાં ફૂટપાથ પાસે અઢળક પાણી, મચ્છરોના ઉપદ્રવની ભીતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ગ-૨ સર્કલ વિસ્તારમાં અઢળક પાણી ભરાવાના દૃશ્યો જોવા મળી રહ્યા છે. વાતાવરણમાં પલ્ટો આવવાથી ગાંધીનગરમાં પણ વરસાદ પડયો હતો ત્યારે અધુરા વિકાસ કામોમાં અઢળક પાણી ભરાવાના દૃશ્યો સર્જાયા છે. શહેરમાં આમ તો જૂનના અંતિમ દિવસોમાં અથવા જુલાઈના પ્રથમ સપ્તાહમાં ચોમાસું બેસે છે. પરંતુ આ વર્ષે ચોમાસું વહેલું નોંધાયું છે. ગાંધીનગરમાં ઠેર ઠેર વિકાસ કામોને લઈ કરવામાં આવેલા ખોદકામ તેમજ તેનું પુરાણ જે રીતે કરવું જોઈએ તે ન થયું હોવાથી અધુરા રહેલા ખાડાઓમાં પાણી ભરાઈ ગયા છે. આ વર્ષે ચોમાસા દરમિયાન શહેરમાં ઠેર ઠેર ભુવાઓ પડવાની અને અનેક

સ્થાનો પર પાણી ભરાઈ જાય તેવા દૃશ્યો વર્તાશે કારણ કે શહેરમાં ચાલી રહેલા ગટર, પાણી, ગેસ, ફૂટપાથના કામો હજી અધૂરા જ છે ત્યારે ગ-૨ સર્કલ પાસે પ્રથમ વરસાદ થતા જ પાણી પાણી થઈ ગયું છે. ફૂટપાથ અને માર્ગોની વચ્ચે ખોદાયેલા ખાડાઓમાં વરસાદના પાણી ભરાયા છે. આસપાસ અસહ્ય કચરો થતા ગંદકી સર્જાઈ છે. ચોમાસાની શરૂઆતમાં જ આવી સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે ભર ચોમાસામાં શહેરમાં કેવા કેવા દૃશ્યો હજી સર્જાશે તે તો જોવું રહ્યું. પ્રિ-મોન્સુમ કામગીરીમાં પણ આ ખાડાઓ નજર અંદાજ કરાશે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. કારણ કે વિકાસ કામો તો ઠેર ઠેર શહેરમાં અધૂરી હાલતમાં જ છે તેથી આ ભરાયેલા પાણી જનતા માટે પરેશાની બની છે. રોગચાળો ફેલાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગરમાં વરસાદમાં પાણી ભરાવાથી સમસ્યાઓ અગાઉ આટલી હદે જોવા મળતી નહોતી પરંતુ માર્ગોની આસપાસ ખોદકામ તથા નવીનીકરણે આ હાલત ઉભી કરી છે. ચોમાસામાં જનતાને જ મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવશે જેથી ઝડપી કોઈ કાર્યવાહી કરવી અનિવાર્ય રહેશે. ચમાસામાં કોઈ અજાણી વ્યકિત આ ખાડાઓમાં પડી જાય કે કોઈ નાનું બાળક ખાડામાં પડી જાય તે પહેલા ખાડાઓ પૂરાય તેવી વ્યવસ્થા કરવાની લોકમાંગણી ઉઠી રહી છે.

આ વર્ષે યોગ દિવસની ઉજવણી 'યુથ ફોર હ્યુમેનીટી' થીમ પર

કરવામાં આવશે. યોગ દિવસની ઉજવણી નિમિત્તે સેક્ટર-૨૨ માં આવેલા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે યોગ સપ્તાહ શરૂ થયું છે જેમાં નગરસેવિકા હેમાબેન ભટ્ટને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નિયમિત યોગના હિમાયતિ હેમાબેન એ નગરજનોને યોગનું મહત્વ સમજાવી નિયમિત યોગ કરવા માટે અનુરોધ કર્યો હતો.

પુનિતવનમાં બહારગામના નાગરિકોની વધતી સંખ્યા જોવા મળી રહી છે. વહેલી સવારે નાગરિકો શહેરના સુંદર રમણીય સ્થળ પર યોગ અને પ્રાણાયામ કરવા માટે પુનિતવનમાં આવતા યોગાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં પણ વિજળી મફતમાં આપવા 'આપ'ની માંગ

દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટી નાગરિકોને અનુક્રમે ૨૦૦ અને ૩૦૦ યુનિટ્સ વિજળી વિના મૂલ્યે આપે છે. આ મોડેલના આધારે ગુજરાતમાં નાગરિકોને 'મફત વિજળી' આપવા મુખ્યમંત્રી સમક્ષ માંગ કરતું આવેદન પત્ર આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું હતું. આ કાર્યમાં 'આપ'ના નવનિયુક્ત પ્રદેશ ઉપાધ્યક્ષ રીનાબેન રાવલ સ્થાનિક હોદ્દેદારોમાં જિલ્લા પ્રમુખ મુકેશભાઇ પટેલ, શહેર પ્રમુખ અને કોર્પોરેટર તુષાર પરીખ સહિતના નેતાઓ જોડાયાં હતાં.

સોનીપુર શાળામાં બાળકોને સ્કુલ બેગનું વિતરણ

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના સ્થાનિક રહેવાસી મનુભાઈ રણછોડદાસ પટેલ દ્વારા ગતરોજ તા.૧૪મી જુન મંગળવારે તેમના ધર્મપત્ની સ્વ. હંસાબેન મનુભાઈ પટેલના સ્મરણાર્થે ગામની બે આંગણવાડીના બાળકોને તેમજ સોનીપુર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને નવો પ્રવેશ મેળવેલાં ધોરણ ૧ થી ૮ સુધીના તમામ બાળકોને સ્કૂલ બેગ અને નાસ્તો આપીને અનોખો સેવાયજ્ઞ કરીને માનવતાનું એક ઉત્તમ ઉદાહણ પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં સોનીપુર પ્રાથમિક શાળાના આચાર્ય મીનાબેન ભોપે તેમજ તમામ શિક્ષણગણો અને વર્તમાન શાળા વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ નરેશજી ઠાકોર તથા સમિતિના સભ્યો દ્વારા પરસ્પર સહયોગ આપવામાં આવ્યો હતો.

આઈટીઆઈ ખાતે વિશ્વ એલ્ડર અબ્યુઝ અવેરનેસ દિવસે કાર્યક્રમ યોજાયો

વિશ્વ એલ્ડર એબ્યુઝ અવેરનેસ દિવસ નિમિત્તે આઈટીઆઈ ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જયરામ સોની, કાન્તિભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને વડીલો પ્રત્યે લાગણી, સહાનુભૂતિ અને હૂંફ આપવા કાળજી લેવા પ્રેરણા આપવામાં આવી હતી.

એસ.જી. અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓ માટે ફર્સ્ટ એઈડ કીટ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવારમાં ઉપયોગી ઘરેલું ચીજવસ્તુની સમજણ આપી ફર્સ્ટ એઈડ કીટ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ બુલેટીન બોર્ડ ડેકોરેશનની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સેક્ટર-૫ અને સરગાસણની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કુલમાં બ્લુ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભૂલકાઓ ખુબ જ આનંદ ઉજવ્યો હતો.

એસ. વી. પ્રી-સ્કૂલમાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

૧૩ જૂનથી શરૂ થયેલા નવા સત્રની શરૂઆત સાથે જ સર્વ વિદ્યાલય

કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલમાં શાળાના પ્રથમ દિવસે શાળાની પ્રણાલી મુજબ, શાળા પરિવારે નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોને કુમકુમ તિલક કરી, ચોકલેટથી મોઢું મીઠું કરાવી, સ્માઈલી આપી તેમનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત, શાળા પરિવારે બાળકોને મા સરસ્વતીનું પૂજન કરાવી, આશીર્વાદ પાઠવ્યા હતા. નવી સ્કૂલ બેગ સાથે, નવા યુનિફોર્મમાં સજ્જ થઈ, બાળકોએ ઉત્સાહભેર આ પ્રવેશોત્સવને માણ્યો હતો. વાલીમિત્રોએ પણ સ્કૂલ મેનેજમેંટના આ નવતર પ્રયોગને બિરદાવી, શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. જોષી પ્રભાબેન કનૈયાલાલ,** ઉ.વ. ૮૯, સેકટર-૩-ન્યુ
- **સ્વ. ઠાકોર માનસંગજી ભવાનજી,** ઉ.વ. ૬૫, ધોળાકુવા
- **સ્વ. ભાવસાર કંચનબેન બાબુલાલ,** ઉ.વ. ૭૮, સેકટર-૩ ન્યુ
- **સ્વ. દંતાણી લાલાભાઈ બલુભાઈ,** ઉ.વ. ૨૫, સે-૨૮, આદીવાડા
- **સ્વ. રાદડીયા બાબુભાઈ કાબાભાઈ,** ઉ.વ. ૭૨, સેકટર-૨૩

બ્લડ ડોનર મેન ઓફ ગાંધીનગર : સુકેતુ મહેતા

૧૪૯ વખત રકતદાન કર્યું અને હજી ૧૮૦ વખત રકતદાન કરવાની ઈચ્છા વ્યકત કરી

ગાંધીનગર, તા.૧૫

સેવા એજ સાધનાના મંત્રને સાકાર કરવા માટે રકતદાન થકી પોતાના આયખાને આગવી ઓળખ આપવા ગાંધીનગરનું નામ ગુજરાતભરમાં રોશન કરનાર સુકેતુભાઈ મહેતાએ ૧૦૦થી વધુ વખત ૧૪૯ વાર રકદાન કર્યું છે. સુકેતુ મહેતા આમ તો જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ત્યારબાદ રેડક્રોસ સોસાયટી સાથે એટલા ઓતપ્રોત થઈ ચુકયા છે કે સ્મશાનની વિધિ ન જાણનાર પરિવારની વિધિમાં તેમજ મૃત્યુ પછી ચક્ષુદાનની પ્રવૃત્તિમાં સુકેતુભાઈની હાજરી તો અવશ્ય જોવા મળે જ. પોતાના કાયનેટિક પર સતત દોડતા સુકેતુભાઈના રકતદાન થકી અનેકના જીવ બચ્યા છે.

તેમણે ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ વખત રકતદાન કર્યું હતું. ગાંધીનગરમાં સામાજિક

પ્રવૃત્તિઓમાં અગ્ર રહેતા એવા સ્વ.જી.એન. ખારોડના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી તેઓ સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે. રકતદાન કરવામાં સતત સૌને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા સુકેતુ મહેતાએ (૬૫ વર્ષ સુધી) ૧૮૦ વખત રકતદાન કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. તેમની ધર્મપત્નિ અને યુએસએ રહેતી દિકરીના સપોર્ટના કારણે તે આઠલી બધી વખત રકતદાન કરી શકયા છે. જિજ્ઞાસા મહેતાએ (ધર્મપત્ની) ૫૬ વખત અને નિધિ મહેતા (દિકરી) એ ૨૧ વખત રકતદાન કર્યું છે. સુકેતુભાઈ સેવા, સંસ્કૃતિ અને સંસ્કારોની માવજત માટે ખૂબ જ અગ્રેસર રહ્યા છે. કલ્ચરલ ફોરમમાં કારોબારી સભ્ય તરીકે કાર્ય કરી રહ્યા છે. એચઆઈવી પેશન્ટના કાઉન્સીલીંગની સેવાઓમાં પણ અગ્રેસર રહ્યા છે. હાલમાં ૨૧ જેટલા એચઆઈવી ગ્રસ્ત પરિવારોને અનાજ પ્રોવાઈડ કરે છે.

રકતદાનની પોતાની સેવાને વાગોળતા એમણે કહ્યું કે સૌથી પહેલા દર્દી માટે રકતદાન કર્યું તેનું બ્લડગ્રુપ આ હતું તેનો મોબાઈલ નંબર પણ યાદ છે. મોટા ભાગે તમામ દર્દીઓ જેમને રકતદાન આપ્યું હોય અને આવી સેવા કરી હોય તેમના નંબર નામ, બ્લડગ્રુપ સુકેતુભાઈને મોઢે હોય છે. દર્દીઓ પાસે પણ રકતદાન કરી આગવો નાતો કેળવે છે એનાથી એક સેવા ભાવનાને વધુ ઉજાગર કરે છે.

ગાંધીનગરની તમામ કોલેજોમાં થેલેસેમિયા, એચઆઈવી, રકતદાનના ઘણા બધા કેમ્પ કરી ચુકયા છે. સુકેતુ મહેતાએ અંતમાં જણાવ્યું હતું કે બ્લડનું કયાંયથી પણ પ્રોડકશન થતું નથી તેથી તેની જરૂરિયાત પૂરી પાડવી જ જોઈએ.

રોકડ ભરેલ પાકીટ ખોવાયેલ છે

ગાંધીનગર, તા.૧૫

મનસુખભાઈ પંચાલ ઉંમર ૯૮ વર્ષ વર્ષ યુથ હોસ્ટેલમાં નિવાસ કરે છે. યુથ હોસ્ટેલમાં તેમના રૂમમાંથી રૂપિયા ૧૮,૫૦૦/- (૫૦૦ની ૩૭ નોટો) તેમના કોટના ખિસ્સામાં રાખેલ હતી. અમદાવાદથી તેમના પુસ્તક છાપવા માટે તેમને અરવિંદ કેન્દ્રના સેવાધારીઓ અને તેમણે એકઠા કરેલા રૂપિયા તેમના ખિસ્સામાં રાખ્યા હતાં. જે શનિવારે ૧૧-૬-૨૦૨૨ની રાત્રે તેમના રૂમમાંથી રૂ. ૧૮,૫૦૦/-ની ઉઠાંતરી કે ચોરી થઈ છે અથવા તો શરત ચુકથી કોઈ પાસે પહોંચ્યા હોય તો પરત આપવા વિનંતી છે.

દુઃખદ અવસાન

સ્વ.કંચનબેન બાબુલાલ ભાવસાર તારીખ ૧૫-૬-૨૦૨૨ના રોજ દેવલોક પામ્યા છે. તેમનું બેસણું તા. ૧૭-૬-૨૦૨૨ શુક્રવારના રોજ સમય ૯ થી ૧૨, સેકટર-૩-ડી રામજી મંદિરમાં રાખવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨

અમૃતલાલ એમ પરમાર

મિહીરસિંહ મકવાણા
મો. ૯૪૨૪૯ ૭૫૩૪૬

જયંતિભાઈ જુગાભાઈ રાવળ
ગીયોડ મંદિર

પ્રદિપ સોલંકી
(બેંક મેનેજર), સર્પ બચવો તથા પક્ષી બચાવો સંરક્ષણ
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦

અનાયા હરેશ પાલવીયા